# 7 બજારમાં ગ્રાહક

- તમારા ઘરમાં જોવા મળતી વિવિધ ચીજોની યાદી બનાવી પોતાના અનુભવના આધારે નીચેની સારણીમાં લખો.

| ક્રમ | ચીજવસ્તુનું નામ | ઉત્પાદનસ્થળ | | વસ્તુ ક્યાંથી ખરીદશો ? શા માટે ? |
|---|---|---|---|---|
| | | ખેતર | કારખાનાં | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |



7.1 બજાર



7.2 મોલ

આપણે બજારમાં જઈએ છીએ અને ઘણીબધી ચીજો ખરીદીએ છીએ. બજારના પણ કેટલાક પ્રકાર હોય છે જેમ કે આપણા મહોલ્લાની દુકાન, સાપ્તાહિક (ગુર્જરી) બજાર, મોટાં-મોટાં શૉપિંગ કૉમ્પલેક્ષ અને શૉપિંગ મોલ. આ બજારોમાંથી વસ્તુની ખરીદી કરવા કિંમત ચૂકવવી પડે છે. પૈસા આપી વસ્તુ ખરીદનારને ગ્રાહક કહેવાય છે. ગ્રાહકને બજારમાં ખરીદી કરતી વખતે વેપારી દ્વારા ગ્રાહકને ક્યારેક અસંતોષ થયો હોય તેવા કેટલાક બનાવો સાંભળવા તથા જોવા મળે છે. પૈસા ખર્ચવા છતાં સારી વસ્તુ મળતી નથી.

ગ્રાહક તરીકે આપણને નુકસાન ન થાય અને સારી ગુણવત્તાવાળી વસ્તુઓ મળી રહે, તે માટે સરકાર દ્વારા ચોક્કસ પ્રકારની ચકાસણી કરી વિવિધિ નિશાની લગાવવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ખેતપેદાશોથી તૈયાર થતી વસ્તુ ઉપર એગમાર્કનું નિશાન હોય છે. | ઘરવપરાશમાં ઉપયોગી વસ્તુ ઉપર (ISI)નું નિશાન હોય છે. | ઊનની બનાવટો અને પોશાકની વસ્તુ ઉપર વુલમાર્કની નિશાન હોય છે. | સોનાચાંદીની બનાવટો ઉપર હોલમાર્કની નિશાની હોય છે |

**7.3 વિવિધ નિશાનીઓ**

ઉપર દર્શાવેલ ચિહ્નો ધરાવતી વસ્તુ કે સામગ્રી સામાન્ય રીતે ખરાબ હોતી નથી.

- શાકાહારી ખાદ્યસામગ્રી ઉપર લીલા રંગનું ચિહ્ન હોય છે.
- માંસાહારી ખાદ્યસામગ્રી ઉપર લાલ રંગનું ચિહ્ન હોય છે

**પ્રવૃત્તિ**

- ખરીદી કરતી વખતે શું-શું ધ્યાનમાં રાખવું રાખવું જોઈએ ? તે માટે તમે આસપાસ જોયેલી વિવિધ વસ્તુઓનાં રેપર્સનું અવલોકન કરી નીચેની સારણીમાં લખો.

| ક્રમ | વસ્તુનું નામ | છપાયેલ કિંમત | ઉત્પાદકનું નામ | ચોક્કસ વજન | પૅક કર્યાનો મહિનો અને વર્ષ | ઉપયોગની અંતિમ તારીખ | ચકાસણીનું ક્યું નિશાન | ઉપયોગ ક્યાં થાય છે ? |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

### વિચારો

- ઉપર્યુક્ત બાબતો વસ્તુની ખરીદી વખતે શા માટે ધ્યાનમાં રાખવી જોઈએ ? ચર્ચા કરો.
- વેપારી દ્વારા ગ્રાહકને કઈ-કઈ રીતે અસંતોષ થાય છે ?



7.4 જાગો ગ્રાહક જાગો

- 'જાગો ગ્રાહક જાગો !' જાગોનો અર્થ શું ? ગ્રાહકને શાના વિશે જાગવાનું છે ? ચર્ચા કરો.
- ગ્રાહક તરીકેની ફરજો શી છે ? જણાવો.

**ગ્રાહકના અધિકાર :**

- ગ્રાહકના પૈસાનું પૂરેપૂરું વળતર મળે. તે માટે અધિકાર આપવામાં આવ્યો છે.
- ગ્રાહકને વસ્તુની જાણકારી મેળવવાનો, વસ્તુની પસંદગી કરવાનો અને ખરીદેલા માલના અસંતોષ સામે ફરિયાદ કરવાનો અધિકાર છે.
- ગ્રાહકને વસ્તુની ખરીદીનું બિલ માગવાનો અધિકાર છે.

### આટલું જાણો

બિલ લેવાથી અમુક રકમ સરકારમાં જાય છે, જેને ટૅક્સ (વેરો) કહેવામાં આવે છે. સરકાર આ ભંડોળનો ઉપયોગ આપણી સુવિધા માટે કરે છે

ગ્રાહકને ખરીદેલા માલના અસંતોષ સામે ગ્રાહકને ફરિયાદ કરવાનો અધિકાર છે.

સન 2005ના ઑક્ટોબરમાં ભારત સરકારે એક કાયદો અમલમાં મૂક્યો, જે (RTI) (રાઈટ ટુ ઈન્ફોર્મેશન) અથવા માહિતી મેળવવાનો અધિકાર, જેના દ્વારા સરકારી વિભાગોનાં કામકાજની બધી માહિતી મેળવવાનો અધિકાર નક્કી થાય છે.

- નીચેની ચિત્રવાર્તા વાંચો અને વિચારો :

**ચિત્રવાર્તા :**

1. મહેશભાઈ ટીવીની દુકાન પરથી ટીવી ખરીદે છે. ટીવીની સાથે બિલ અને વૉરંટી - ગૅરંટીકાર્ડ પણ લે છે.



2. મહેશભાઈનું ટીવી થોડા સમય પછી બંધ થઈ જાય છે.



3. મહેશભાઈ આ માટે ટીવીની દુકાનના વેપારી સાથે પૂછપરછ કરે છે.



4. મહેશભાઈને વેપારી દ્વારા પોતાના પ્રશ્નનો સંતોષકારક જવાબ મળતો નથી.



5. મહેશભાઈ પોતાના જિલ્લામાં આવેલી ગ્રાહકસુરક્ષા ઑફિસમાં સલાહ લેવા માટે જાય છે.



6. મહેશભાઈ હવે ગ્રાહક અદાલતમાં કેસ કરવા જાય છે અને અદાલતની ઑફિસમાંથી રજિસ્ટ્રેશન ફૉર્મ લે છે.



7. અદાલતની અંદર મહેશભાઈ પોતે જ પોતાના કેસમાં ચર્ચા કરે છે.



8. અદાલતમાં જજ દસ્તાવેજો સાચા છે કે નહીં તેની ખાતરી કરે છે.



9. જજ અદાલતનો ચુકાદો સંભળાવે છે કે - "મહેશભાઈએ ટીવીનું પૂરેપૂરું વળતર ચૂકવ્યું, છતાં સારી ગુણવત્તાવાળું ટીવી મળ્યું નથી. વેપારીએ આવી બેદરકારી રાખવી જોઈએ નહીં. તેના બદલામાં સારી ગુણવત્તાવાળું ટીવી અઠવાડિયામાં આપી દેવાનો આદેશ કરવામાં આવે છે."

## સ્વાધ્યાય

**1. ચાલો, વિચાર કરીએ :**

અહીં કેટલીક એવી લોભામણી ચીજવસ્તુઓની જાહેરાત આપવામાં આવી છે કે જેને આપણે બજારમાંથી ખરીદીએ છીએ. આમાં વાસ્તવમાં કોઈ એવી જાહેરાત છે, જે ખરેખર ગ્રાહકોને લાભ પહોંચાડે છે ?

- પ્રત્યેક 500 ગ્રામના પૅક પર 15 ગ્રામની વધારે છૂટ.
- 1000 રૂપિયાની ખરીદી કરો અને 10 લાખ સુધીનાં ઇનામ જીતો.
- 2000 રૂપિયા સુધીના બુટ ખરીદો અને 500 રૂપિયા સુધીના એક જોડ મફતમાં મેળવો.

**2.** ધારો કે તમે એક દવાની બૉટલ અને બિસ્કિટનું પૅકેટ ખરીદો છો. ખરીદી વખતે તમે ક્યાં લોગો અથવા શબ્દચિહ્ન જોશો ? શા માટે ?

**3.** કોઈ એક રેપર લઈ તેની બનાવટમાં કઈ-કઈ વસ્તુઓનો (કન્ટેન્ટ્સ) ઉપયોગ થયો છે તે નોંધો.

**4.** આ પુસ્તકના મુદ્રણનું વર્ષ જણાવો.

**5.** આપણે ખરીદી વખતે હંમેશાં બિલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ ? શા માટે ?

**6.** નીચેનાં ઉત્પાદનો કે સેવાઓ (તમે આ યાદીમાં નવાં નામ ઉમેરી શકો છો) ઉપર ચર્ચા કરો. તમારી દૃષ્ટિએ ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ સુરક્ષાના કયા નિયમોનું પાલન કરવું જોઈએ ?

(1) એલ.પી.જી. ગૅસ સિલિન્ડર
(2) સિનેમા-થિયેટર
(3) સર્કસ
(4) દવાઓ
(5) ખાદ્યતેલ
(6) સમૂહલગ્નનો મંડપ
(7) એક બહુમાળી ઇમારત

- **નીચેની પ્રશ્નાવલિનો ઉપયોગ પોતાના ગામ વિસ્તાર / એક સર્વેક્ષણમાં કરો અને એ જાણો કે ગ્રાહકોના રૂપમાં લોકો કેટલા જાગૃત છે.**
- **પ્રત્યેક પ્રશ્ન માટે કોઈ એક પર (✓) નિશાની કરો :**

| | હંમેશાં (ક) | 'ક્યારેક' (ખ) | ક્યારે નહિ (ગ) |
|---|---|---|---|
| 1. તમે જ્યારે કોઈ વસ્તુ ખરીદો ત્યારે તમે બિલની માંગણી કરો છો ? | ☐ | ☐ | ☐ |
| 2. તમે બિલને સુરક્ષિત રાખ્યું છે ? | ☐ | ☐ | ☐ |
| 3. તમને જ્યારે એવું લાગે છે કે તમે દુકાનદાર દ્વારા છેતરાયા છો, તો તમે તેની ફરિયાદ કરી છે ? | ☐ | ☐ | ☐ |

4. તમે વેપારીને એ જણાવવામાં સફળ થયા કે તમે છેતરાયા છો ? ☐ ☐ ☐

5. તમે પોતે એમ સમજીને સંતોષ માની લો છો કે આ તમારું દુર્ભાગ્ય છે કે હંમેશાં તમે છેતરાઈ જાઓ છો અને એમાં નવુ કશું નથી ? ☐ ☐ ☐

6. તમે આઈ.એસ.આઈ. અથવા અન્ય કોઇ ચિહ્ન અંતિમ તારીખ વગેરેની તપાસ કરો છો ? ☐ ☐ ☐

7. જો અંતિમ તારીખમાં માત્ર એક મહિનો અથવા તેની આસપાસ હોય, તો તમે તાજા પૅકેટની માગણી કરો છો ? ☐ ☐ ☐

8. તમે નવું ગૅસ સિલિન્ડર અથવા જૂનાં છાપાંઓ ખરીદતાં-વેચતાં પહેલાં જાતે વજનની તપાસ કરો છો ? ☐ ☐ ☐

9. જ્યારે શાકભાજી વેચવાવાળો વાસ્તવિક વજનિયાં (બાટ)ની જગ્યાએ પથ્થરોનો ઉપયોગ કરે છે, તો તમે વિરોધ કરો છો ? ☐ ☐ ☐

10. અત્યંત ચળકતા રંગોવાળી શાકભાજી તમને શંકા પેદા કરાવે છે ? ☐ ☐ ☐